# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.

## "ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭"

ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર નિયમિત કરવા માટે "ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭" અમલમાં મૂકવામાં આવે છે.

- આ યોજનાનો લાભ લેવા ઇચ્છુક ગ્રાહકોએ તા. ૨૩.૦૫.૨૦૧૭ થી તા. ૩૦.૦૬.૨૦૧૭ દરમ્યાન અરજી કરવાની રહેશે.
- આ યોજના હયાત ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા દરેક કક્ષાના ગ્રાહકોને લાગુ પડશે.
- અરજદાર ગ્રાહક પાસે વીજ વિતરણ કંપનીનું કોઇ પણ લેણું બાકી હોવું જોઇએ નહી, જો ગ્રાહક પાસેથી વીજ વિતરણ કંપનીનુ કોઇ પણ લેણું બાકી હશે તો સદર યોજનાનો લાભ ગ્રાહક લઇ શકશે નહી.
- ભૂતકાળમા આખરી થઈ ગયેલ કેસો ની આ યોજના હેઠળ સમિક્ષા થઈ શકશે નહી.

➢ પ્રકાર-અ:

રીત વીજ ભાર કરતા જોડેલ વીજ ભાર વધારે હોય અને જે ખેડૂતો વીજ ભાર નિયમિત કરાવવા ઇચ્છતા હોય તેવા કિસ્સામાં.

- વીજ ભાર વધારો નિયમિત કરવા માટેની અરજી સબંધિત પેટાવિભાગીય કચેરીએ નોધણી ચાર્જીસ સાથે કરવાની રહેશે.
- વીજ કંપની દ્વારા ચકાસણી કરેલ વીજ ભાર, જાહેર કરેલ વીજ ભાર કરતા વધારે હશે તો વીજ ગ્રાહકે તે અંગે અરજી નોંધણી કરાવવાની રહેશે.
- પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણે ગ્રાહકને નિયત ભાવ પત્રક અપાશે.
- નિયત ભાવ પત્રક મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઇ કરવાના રહેશે.
- ત્યાર બાદ કોઇ પણ સંજોગોમાં નિયત ભાવ પત્રક ના નાણાં ભરવા માટેની સમય મર્યાદા વધારી આપવામાં આવશે નહી.
- જો સમય મર્યાદામાં ગ્રાહક નિયત ભાવ પત્રક ના નાણાં ભરપાઇ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકશે નહિ.

➢ પ્રકાર-બ:

વાસ્તવિક વીજ ભાર ખબર નથી અને વીજ ભાર ચકાસણી કરાવીને નિયમિત કરાવવા ઇચ્છતા હોય છે તેવા કિસ્સામાં.

- વીજ ભાર ચકાસણી કરાવવા માટે નિયત થયેલ નમૂનાના ફોર્મ અને ફી પેટે રૂા. ૧૦૦/- સાથે સબંધિત પેટાવિભાગીય કચેરીએ અરજી કરવાની રહેશે.
- વીજ ભાર ચેક કર્યા પછી ગ્રાહકનો જોડેલ વીજભાર, કરારીત વીજ ભાર કરતાં વધારે હોય તો ગ્રાહકે........

  (I) વીજ ભાર નિયમિત કરાવવા માટેની અરજીની નોધણી સબંધિત કચેરીએ કરવાની રહેશે. જો ગ્રાહક આમ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહી.

  અથવા

  (II) ચકાસણી થયેલ મોટરની જગ્યાએ કરારીત લોડ મુજબની મોટર સ્થાપવાની રહેશે. તેની જાણ ગ્રાહકે લેખિતમાં ટેસ્ટ રીપોર્ટ ચાર્જ સાથે સબંધિત પેટાવિભાગીય કચેરીએ કરવાની રહેશે.

- ઉપરોક્ત બન્ને પ્રકારના કિસ્સામાં નિયત ભાવ પત્રક ના નાણા ભરપાઇ થયા બાદ ગ્રાહકે એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે અને અરજીની તારીખથી વીજ ભાર વધારો મંજૂર રાખવામા આવશે.
- આ યોજના હેઠળ પાત્રતા બાબતે કે અન્ય કોઇ બાબતે સમસ્યા ઉપસ્થિત થાય તો જે તે વીજ વિતરણ કંપનીના મેનેજીંગ ડીરેકટરનો નિર્ણય આખરી રહેશે જે અરજદારે માન્ય રાખવો પડશે.
- ખેતી વિષયક વીજ ગ્રાહકો આ યોજના અંગેની માહિતી કંપનીના કાર્યરત ગ્રાહક સુવિધા કેન્દ્ર પરથી પણ મેળવી શકશે.
- ચાર વીજ વિતરણ કંપનીઓના ગ્રાહક સુવિધા કેન્દ્રના ફોન નંબર નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ▪ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ | ▪ દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ 3003 |
| ▪ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ | ▪ મધ્ય ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦ |